Chap-6



# પ્રકરણ - ૬

## ઉપસંહાર

કવિતાનો અધ્યાત્મ સાથેનો સંબંધ તેના ઉદ્‌ભવકાળથી અદ્યાપિપર્યન્ત ક્ષીણ-પુષ્ટ થતો ચાલુ જ રહ્યો છે. અધ્યાત્મ એ આત્મા અને પરમાત્માના સ્વરૂપ અને સંબંધ વિષયક શોધ તથા જ્ઞાનનું ક્ષેત્ર છે. સૌ પ્રથમ અધ્યાત્મનાં મૂળ આપણને ઋગ્વેદની ઋક્‌સંહિતાઓમાં ઉપલબ્ધ છે. તેમાં અધ્યાત્મનું તત્ત્વ અનેક દેવવાદો હોવાનું જણાય છે. ઉપનિષદ્‌કાળમાં નિવૃત્તિપરક અને કર્મપરક જ્ઞાનમાર્ગમાંથી સંન્યાસ અને ભક્તિમાર્ગનો વિકાસ થાય છે. ઉપનિષદ્‌ની ભક્તિ ભાગવત અને ગીતામાં સ્પષ્ટરૂપ ધારણ કરે છે. ભારતીય પરંપરામાં અધ્યાત્મભાવના વેદોપનિષદ્‌કથિત બ્રહ્મ, માનવતાવાદ, રહસ્યવાદ, શક્તિપૂજા, પ્રેમલક્ષણા ભક્તિ, સૂફીવાદ, નાથસંપ્રદાય એમ અનેક વાદવિચારોમાં પ્રગટ થઈ છે. શિવ-શક્તિ અને વિષ્ણુની ભક્તિની મુખ્ય ત્રણ ધારાઓ અને નિર્ગુણ અવ્યક્ત ઉપરાંત સમાજની તત્કાલીન જરૂરિયાતોના ઉપલક્ષ્યમાં વિવિધ દર્શનો અને ધર્મવિચારણાઓએ અનેક પંથો અને સંપ્રદાયો જન્માવ્યા છે.

ભારતીય સાહિત્યની પ્રણાલીમાં અધ્યાત્મકવિતાની પરંપરા, વેદની ઋચાઓના, મંત્રોના ગાનથી આરંભાઈ કાલાનુક્રમે ચડતી પડતી આજદિન સુધી ચાલુ રહી છે. વૈદિક ઋચાઓ એકીસાથે ધર્મ અને કાવ્યનું સંયોજન બનાવે છે. ઉપનિષદ્‌ની કવિતામાં પણ મૂર્ત પ્રતીકાત્મક રૂપોમાં આધ્યાત્મિકતા સાકાર થઈ છે. તો શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતા સ્વયં એક વિશાળ તત્ત્વદર્શનનું ગંભીર કાવ્ય છે. સંસ્કૃત, પ્રાકૃત,અપભ્રંશ અને તેમાંથી ઉદ્‌ભવેલી ભાષાઓના મધ્યકાલીન સાહિત્યમાં ધર્મ,નીતિ અને ત્યાગ-વૈરાગ્યનો ઉપદેશ આપતું, પુરાણોનું લોકભોગ્ય નિરુપણ કરતું, તેમજ પ્રાચીન અધ્યાત્મદર્શનને જુદી જુદી પરિભાષામાં વર્ણવતું વિપુલ સાહિત્ય મળે છે. તેરમા-ચૌદમા સૈકામાં ભારતમાં વિશાળ પાયા પર ભક્તિનું આંદોલન પ્રવર્ત્યું ત્યારે તુલસી, કબીર , જાયસી, સૂરદાસ, નરસિંહ, મીરાં, જ્ઞાનદેવ, ચૈતન્ય આદી સંતોએ આગવી આગવી ધર્મ ભાવના રજૂ કરી અને અધ્યાત્મ ભાવને જુદી જુદી રીતે સ્પર્શ્યા છે. અર્વાચીનયુગમાં ભારતની બધી ભાષાઓમાં કવિતા ઉપર ગાંધીજીના પ્રભાવે સમાજવાદ, માનવતાવાદ અને રાષ્ટ્રપ્રેમ બુલંદ થયો. 'દરિદ્રનારાયણ'નો ખ્યાલ પ્રચાર પામ્યો. સ્વાતંત્ર્યોત્તરકાળની સૌંદર્યલક્ષી કવિતાઓમાં પણ પ્રણય ,પ્રકૃતિ અને અધ્યાત્મચિંતન કવિતાના મુખ્ય વિષય બન્યા. ટાગોર અને અરવિંદનો પ્રભાવ મહદ્‌અંશે ઝિલાયો.

કવિતા અને અધ્યાત્મ અવિનાભાવે પરસ્પર સંકળાયેલાં છે. કાવ્યસર્જનની પ્રવૃત્તિ સ્વયં આધ્યાત્મિક પ્રવૃત્તિ છે. અધ્યાત્મશક્તિનો દિવ્ય આવેગ કવિમાં નિક્ષિપ્ત થતાં તે સર્જન કરે છે અને એનો આસ્વાદ કવિ પોતે કે ભાવક બૌદ્ધિક વિવેક દ્વારા નહિ,આધ્યાત્મિક સંવેદન દ્વારા કરે છે. જોકે સાચી કલાકૃતિ જે સ્વયં આધ્યાત્મિક છે તેમાં પણ કેટલીક અધ્યાત્મપરક વિશેષભાવે અધ્યાત્મને અવલંબતી હોઈ શકે . આવી અધ્યાત્મકવિતાના સંદર્ભમાં ગુજરાતી કવિતાના વિકાસનો આલેખ મધ્યયુગ પૂર્વેની ગુજરાતી અધ્યાત્મકવિતાથી આરંભાય છે. મધ્યયુગ પૂર્વે સંસ્કૃત, પ્રાકૃત અને જૂની ગુજરાતી ભાષાનું જે સાહિત્ય ઉપલબ્ધ છે તેમાં વિષ્ણુભક્તિના પ્રચારમાં અનેક ગીતાઓ, પુરાણો, હરિવંશ, શાણ્ડિલ્ય, નારદ , પંચરાત્ર વગેરે પુરાણો અને ગ્રંથો આદરપાત્ર બની

ચૂકયાં હતાં. અપભ્રંશ ગુજરાતીમાં જૈન આચાર્યો અને તેમાંય હેમચંદ્રાચાર્યનું પ્રદાન ખૂબ મહત્વનું છે. બોપદેવના 'હરિલીલાવિવેક'નો ગુજરાતીમાં 'હરિલીલાષોડશકલા' નામે વિષ્ણુદાસ ભીમે અનુવાદ આપ્યો. બિલ્વમંગળ અને જયદેવની કવિતાની ગુજરાતી મધ્યકાલીન કવિતાઓ પર મોટી અસર પડી. મધ્યકાળમાં વિશાળ પાયા પર ભકિતનું આંદોલન થયું જેમાં નરસિંહ, મીરાં, દયારામ જેવા કવિઓએ કૃષ્ણભકિતની; તો અખો, ભોજો, ધીરો જેવા કવિઓએ જ્ઞાનવૈરાગ્યની કવિતા આપી. ભાલણ, પ્રેમાનંદ ઇત્યાદિ કવિઓએ આખ્યાનોની રચના કરી. નર્મદ, દલપતથી આરંભાયેલો સુધારાયુગ એ ધાર્મિક સંક્રાંતિનો યુગ છે. એમાં ધર્મની પરિશુધ્ધિ અને સમાજસુધારો એ કવિતાનું મુખ્ય લક્ષણ બન્યું છે પરંતુ આ ગાળામાં ય ભોળાનાથ જેવા સાચા ઇશ્વરભકત કવિ આપણને મળે છે. ગણપતરામ ભટ્ટ, કેશવરામ ભટ્ટ અને શિવલાલનું પણ અધ્યાત્મકવિતાક્ષેત્રે પ્રદાન ગણાવી શકાય. સાક્ષરયુગમાં મણિલાલ, બાલાશંકર, નરસિંહરાવ, કાન્ત, કલાપી, ન્હાનાલાલ ઇત્યાદિ અનેક કવિઓએ કવિતામાં ધર્મની ઝાંખી પડતી જયોતને સંકોરી છે. ખબરદાર, બોટાદકર પાસેથી પણ ચિંતનપ્રધાન કવિતા મળે છે. ગાંધીયુગની અધ્યાત્મકવિતા પર ગાંધીજી અને ટાગોરની અસર વરતાય છે. માનવતાવાદ, સમાજવાદ, પ્રકૃતિપ્રેમ, વિશ્વએકતાના સૂરો સંભળાય છે. ઉમાશંકર, સુંદરમ્ અને સ્નેહરશ્મિની કવિતામાં એકતા સંવાદ અને પ્રભુભકિતનું નિરૂપણ જોવા મળે છે. અનુગાંધીયુગમાં સુંદરમ્-ઉમાશંકરની પરંપરા ચાલુ રહેવા સાથે સૌંદર્યલક્ષી કવિતા લઇને પ્રહ્લાદ પારેખ, રાજેન્દ્ર, નિરંજન ઇત્યાદિ કવિઓ આવે છે. અરવિંદ પ્રભાવ હેઠળ સુંદરમ્, પૂજાલાલ, પ્રજારામ વગેરે કવિઓ કવિતા સર્જન કરે છે. ટાગોરનો પ્રભાવ સૌંદર્યલક્ષી કવિતામાં ય પ્રકૃતિની રહસ્યમયતામાં અધ્યાત્મચિંતન પ્રગટાવે છે. ભજનપરંપરામાં સુધાંશુ, સરોદ, મકરંદ તો ગઝલમાં ઘાયલ, ગાફિલ ઇત્યાદિની કવિતા અધ્યાત્મરંગી કવિતા છે.

સ્વાતંત્ર્યોત્તર કવિતાનો એક ફાંટો સૌંદર્યબોધ કરાવતી કવિતામાં વિકસે છે, તો વિશ્વયુધ્ધની અસર, ઔદ્યોગિક ક્રાન્તિ ઇત્યાદિને લીધે કલા જગતમાં વિકસેલા નવા નવા વાદોની પ્રયોગશીલતા ગુજરાતી કવિતામાં દેખાય છે. છિન્નભિન્નતા, વિષમતા અને વિષાદ કવિતાનો પ્રધાનસૂર બને છે પરંતુ છિન્નભિન્ન 'હું'નો શોધ અધ્યાત્મના સૂક્ષ્મ 'હું'નો શોધને અનુલક્ષે છે. જો કે હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, માધવ રામાનુજ, અનિલ જોષી ઇત્યાદિ પાસેથી રાધાકૃષ્ણના સુંદર ગીતો મળે છે. રાજેન્દ્ર શુકલ, મનહર મોદી ઇત્યાદિ પાસેથી અધ્યાત્મરંગી ગઝલો મળે છે. આમ ગુજરાતી કવિતામાં 'અધ્યાત્મ' કવિતા સાથે રસાયનભૂત તત્વ લેખે વણાયેલું જ અદ્યાપિપર્યંત રહ્યું છે. ગુજરાતી અધ્યાત્મકવિતાની આ દીર્ઘ પરંપરામાં એક ચોક્કસ કાલાવધિમાં કરાયેલા વિશેષ પ્રદાનનો વિચાર કરતાં સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવે મોટા ગજાના સમકાલીન કવિઓ લેખે આપણું ધ્યાન ખેંચે છે.

સુંદરમ્ના જન્મના સંસ્કારો, ઉછેર, શિક્ષણ ઉપરાંત વિભૂતિઓ તથા સાહિત્યનો પ્રભાવ એમની અધ્યાત્મકવિતાની ભૂમિકા રચે છે. એમની સમગ્ર કાવ્યયાત્રા તેમના આધ્યાત્મિક વિકાસની કેડી બને છે. કવિનું કાવ્યયાત્રાનો ઉઘાડ 'કોયા ભગતની કડવી વાણી'થી થાય છે. સમાજના કરુણચિત્રો દ્વારા વાસ્તવદર્શન અને પ્રભુની વિડંબનામાં કવિના પ્રભુ પ્રત્યેની શ્રધ્ધાનાં બીજ જોવા મળે છે. ગાંધીજીના માનવતાવાદના સંદર્ભે અધ્યાત્મ પ્રગટ થતું જણાય છે. સુંદરમ્નો કાવ્યવિભાવનાનો સાચો ઉઘાડ 'કાવ્યમંગલા'માં જડે છે. સામાજિક સંપ્રજ્ઞતાની સાથે પ્રભુને પ્રાર્થના અને

રહસ્યવાદનો અનુભવ અહીં મળે છે. 'બુધ્ધનાં ચક્ષુ' કવિની અધ્યાત્મદીક્ષા બને છે અને કવિ 'ધ્રુવપદ'ની શોધ આરંભે છે. કવિની કવિતાના પૂર્વાલાપના ચરમબિંદુ સમા 'વસુધા' કાવ્યસંગ્રહમાં પ્રણયની ઉત્કટતાનો તાર પ્રભુ સાથે મળી જતો જણાય છે. સંવાહિતાની શોધ માટેનું પ્રથમ જ કાવ્ય 'પૃથ્વીમૈયા' અરવિંદદર્શનનું ચિંતનસામ્ય દર્શાવે છે. પરમતત્ત્વને પામવાની મથામણોની અનેક પ્રાર્થનાઓ અહીં મળે છે, તો 'યાત્રા' શ્રધ્ધાંતરનાં સંક્રાંતિકાળનું દર્શન કરાવેછે. કવિ 'વસુધા'ના ગીત છોડી ઊર્ધ્વગમન આદરે છે. અરવિંદદર્શન મહદ્અંશે આ કવિતાઓમાં નિરુપાયેલું છે. અધ્યાત્મયાત્રાના ચરમશિખરે કવિ અહીં પહોંચે છે. તેમને કવિતા અને અધ્યાત્મનું 'ધ્રુવપદ' અહીં જડે છે. 'વરદા'માં કવિની આનંદસમાધિ, નીરવ શાંતિ અને પરમ મુદાએ સ્થિર મુકામનો અનુભવ જ કાવ્યનો મુખ્ય વિષય છે. અગાઉના સંગ્રહો જેવી લયભરી, અગમ્જ્ઞાનથી યુકત, ભકત, ભજનિક, જ્ઞાની, સંત કે અલગારીનો મિજાજ દાખવતી વિવિધ કાવ્ય છટાઓ જોવા મળે છે. 'મુદિતા'માં વ્રજબાનીની મધુર છાંટવાળાં ગીતો, સજીવ પ્રકૃતિ સાથેનું સંવનન અને અરવિંદદર્શન ધ્યાનાકર્ષક બને છે. 'ઉત્કંઠા'માં વ્યકિતચિત્રો વિશેષ છે. જેમાં અરવિંદ અને માતાજી વિષયક કાવ્યો મોટો ભાગ રોકે છે, તો મરણોત્તર કાવ્યસંગ્રહોમાં 'લોકલીલા' કાવ્યસર્જનના પ્રારંભિકકાળની કૃતિ છે, જેમાં કૃષ્ણ-સુદામાના પ્રવાસના માધ્યમે કવિએ પ્રત્યક્ષ સમાજદર્શન કરાવ્યું છે. 'ઇશા' ધ્રુવપદ પ્રાપ્તિ પછીનાં આધ્યાત્મિક કાવ્યોનો સંગ્રહ છે, તો 'પલ્લવિતા' અને 'મહાનદ'માં 'વસુધા' કાળમાં રચાયેલી કવિતાઓ સંગૃહિત છે.

રાજેન્દ્ર શાહ અનુગાંધીયુગમાં પરંપરાથી અલિપ્ત સૌંદર્ય અને સંવાદના સૂરો પ્રગટાવે છે. તેમના જીવનઘડતર અને કાવ્યસર્જનની વિકાસયાત્રા તેમના અધ્યાત્મવિકાસમાં ફાળો આપે છે. 'ધ્વનિ' કાવ્યસંગ્રહ રાજેન્દ્ર શાહના નિરુદ્દેશે ભ્રમણનો ઉદ્દેશ લઇને પ્રગટ થાય છે. પ્રથમ 'નિરુદ્દેશે' કાવ્ય કવિની અધ્યાત્મયાત્રાની અને કાવ્યયાત્રાની પ્રસ્તાવનારૂપ કાવ્ય છે. કવિના શબ્દચિત્રો અને ઉરગુંજારનો ધ્વનિ અહીં પ્રગટે છે. 'ધ્વનિ'માં કવિને સંભળાતા દૂરના સૂર 'આંદોલન'માં ઓરા આવે છે. પ્રણય અને પ્રકૃતિ આહ્લાદ આપે છે. 'શ્રુતિ'માં પ્રકૃતિમાં રહસ્યોદ્ઘાટન, ઊર્ધ્વગમન, મીરાં ભાવના ગીતો, અનાહદ નાદને વિષે શૂન્યમાં સ્થિતિ જોઇ શકાય છે. 'ધ્વનિ'નાં આંદોલનોની શ્રુતિ અહીં સંભળાય છે. 'શાંતકોલાહલ'માં કર્મના કોલાહલે સુષુપ્તિમાં કવિ અરવ રવ સાંભળે છે. સંગીતની રાગિણીઓનાં લક્ષણ - પ્રહર -પ્રકૃતિ આદિના વર્ણનમાં નાયિકાની વિવિધ અવસ્થાઓ તેઓ વર્ણવે છે. દૃશ્ય અને છવિ વિભાગના આઠ આઠ ચિત્રાંકનોનું ભાવાંકન 'ચિત્રણા'માં મળે છે, જેમાં કવિની 'નિજ છવિ'માં પોતાને અને સમાજને કવિની આધ્યાત્મિક ઓળખ મળે છે. 'ક્ષણ જે ચિરંતન'માં ચરાચર સૃષ્ટિ સાથેના ભાવસંવનનથી કવિનો ચેતોવિસ્તાર થાય છે. કવિનું ચિત્ત અનંતમાં વિસ્તરે છે અને અનંત કવિના ઉરમાં ઊતરે છે. આ ચિરંતન સાંપ્રત ક્ષણની અનુભૂતિઓ કવિ અહીં વર્ણવે છે, તો ભાવસમાધિમાંથી જાગૃત વાસ્તવ જગતની વિચ્છિન્નતા અને વિષાદને દૂર કરવાના સંવાદી સૂરો પ્રગટાવી વિશ્વકલ્યાણ માટે એકમાં કેન્દ્રસ્થ થવા સાદ કરે છે 'વિષાદને સાદ'માં. 'મધ્યમા'માં જાગૃત અને સ્વપ્નાવસ્થામાં એમણે કરેલા આધ્યાત્મિક અનુભવો પ્રગટાવતાં કાવ્યો મળે છે, તો 'ઉદ્ગીતિ' કવિની ઉન્નત મનોદશાનું ઉરગાન રજૂ કરે છે. મહદ્અંશે પ્રણય અને પ્રકૃતિની પાર્શ્વભૂમિકામાં કવિના ઉરમાં ઊભરાતા વહાલનું અને અંતરની ઉન્નત -પ્રગાઢ અનુભૂતિનું આલેખન મળે છે. 'પ્રતીક્ષા'થી 'રટણા'

સુધીની વિવિધ અવસ્થાઓનું સળંગ અને કાવ્યપ્રેરક નિરૂપણ કરતી કવિતાનો સંગ્રહ છે 'ઈક્ષણા', તો પત્રોના માધ્યમે કવિનો સ્વ-ભાવ- સ્થાયીભાવ- અધ્યાત્મભાવ 'પત્રલેખા'-માં પામી શકાય છે. 'પ્રસંગસપ્તક'માં પૌરાણિક પાત્રોને વિષય બનાવી રચેલા પદ્ય-નાટકોનો સંગ્રહ છે. અહીં નારીનું આભિજાત્ય પ્રગટ થાય છે. 'પંચપર્વા'માં 'નમોનમઃ'-થી પ્રારંભાઈ 'તથાસ્તુ' સુધીનાં પાંચ પાંચ પંક્તિઓના કાવ્યોમાં એક એક પંક્તિ ગઝલના શેરની જેમ એક પૃથક વિચારને પ્રગટ કરે છે. અહીં કવિની નિજી છબિને ઉપસાવતા સ્વાનુભૂતિનાં સ્ફુલિંગો પ્રકટી રહે છે. નાયક-નાયિકાનો પ્રણયાનુભાવ, પ્રાકૃતિકતત્વોના ઐન્દ્રિય અનુભવોમાંથી પ્રાપ્ત થતો આહ્લાદ અને એકાત્માનુભૂતિ 'કિંજલ્કિની' કાવ્યસંગ્રહનો મુખ્ય ધ્વનિ છે. કવિએ શબ્દના સામર્થ્યે જે કાંઇ પ્રગટાવ્યું છે તે સર્વેનું વિભાવન છે 'વિભાવન' કાવ્યસંગ્રહનાં કાવ્યો. 'ધ્વનિ'થી પ્રારંભાયેલી કાવ્યયાત્રામાં અત્યાર સુધી પ્રગટેલી બધી જ સંવેદનાઓનું અને કાવ્યસ્વરૂપોનું વૈવિધ્ય અહીં પ્રગટ થાય છે. સંવેદનનું વિભાવન વધુ ગાઢ-તીવ્ર હોય છે. આથી બધા જ વિષયો વધુ સૂક્ષ્મ બનેલા આ કાવ્યસંગ્રહની કવિતામાં જણાય છે. કવિના સર્વરસો 'દ્વા સુપર્ણા'માં એક જ બિંદુમાં સ્થિર થયા છે. કવિએ જોયેલા, જાણેલા, માણેલા અદીઠ તત્વની ઐન્દ્રિય અનુભૂતિ કવિને સાકારસ્વરૂપને શોધવા યત્નશીલ બનાવે છે 'કૃષ્ણગીતિ'માં એમણે એ અમૂર્ત દર્શન કૃષ્ણરૂપમાં અને 'અવધૂતી'માં અવધૂતગાન દ્વારા ક્રમશઃ ભક્તિ અને યોગજ્ઞાનના માર્ગે મૂર્ત જોવા પ્રયત્ન કર્યો છે. એમની અધ્યાત્મયાત્રા 'દ્વા સુપર્ણા' સુધી પહોંચતા નાદબ્રહ્મના અક્ષરમાં સ્થિર થાય છે. કવિની પૂર્ણ પ્રાપ્તિની અનુભૂતિનું કોઇ નામ નથી. એ તો નિરંજન, નિરાકાર છતાં ચંદનભીનો સ્પર્શ છે. 'ચંદનભીનો અનામિકા'એ કવિની સમાધિની સિધ્ધિનું સાકારરૂપ છે. અવ્યક્તની અદ્વિતીય અનુભૂતિમાં કવિ શબ્દને સંકેત પ્રગટેલી નંદિતમના, નિરંજન, નિરાકાર, શાશ્વત યૌવના, 'નીલાંજના'નામે સાકાર કરે છે અને અંતે અક્ષરબ્રહ્મ 'ઓમકાર'ના ચમત્કારમાં વિરમે છે. 'આરણ્યક'માં બ્રહ્મની પ્રાપ્તિથી બ્રહ્મમય બનેલા કવિની જગત પ્રત્યેની દ્રષ્ટિ જ બદલાઇ જાય છે. બાહ્ય જગતને કવિ સૂક્ષ્મરૂપે જુએ છે. બીજરૂપ બ્રહ્મ પુષ્ટ બનીને અરણ્ય બને છે અને અરણ્યમાં સ્થિત બ્રહ્મ એ આરણ્યક છે. આમ એમની પરમ-તત્ત્વની સંપ્રાપ્તિ અને દર્શનલીલાઓનો વિસ્તાર એમની સમગ્ર કવિતામાંથી પ્રગટે છે.

રાજેન્દ્ર શાહની જેમ ૧૯૫૧ થી ૧૯૯૨ના ગાળામાં કાવ્યસંગ્રહો આપનાર મકરંદ દવેની કવિતામાં તેમના જન્મજન્માંતરના સંસ્કાર માતાપિતા અને કુટુંબ તથા અનેક સાધુસંતો અને યોગીઓનો પ્રભાવ તથા વેદોપનિષદ્ -ટાગોર-અરવિંદ અને બંગાળી સાહિત્યનું પરિશીલન આધ્યાત્મિક ભૂમિકા રચે છે. તેમનું સમગ્ર સાહિત્ય સર્જન અધ્યાત્મચિંતનને જ પ્રગટ કરે છે. કવિની કાવ્યયાત્રાના આરંભે જ વિશ્વકલ્યાણના શુભસંકલ્પો ' તરણાં' માં કવિ પ્રગટાવે છે. આત્મકલ્યાણ અને વિશ્વમાંગલ્ય માટે કવિને પ્રેમનો માર્ગ જડે છે. ચિત્તશુધ્ધિ અને પ્રેમ કવિની સાધનાનું પ્રારંભિક પગથિયું છે. જિંદગીની જિંદાદિલી અને સાધક જીવનના સંકલ્પો અહીં પ્રગટ છે. જીવનનું જયગાન ગજવતી 'જયભેરી'આત્મકલ્યાણના અગ્નિપંથે પળવા શ્રધ્ધા અને જોમ પ્રેરે છે. 'ગોરજ'માં કવિ કુંડલિની જાગૃત કરવાના પ્રયત્ન સાથે પરાશક્તિનું આરાધન આરંભે છે અને અંતે 'ગોરજ ટાણે' આતમધેનુને અસીમને આરે તેજનો ચારો ચરવા કવિ પહોંચાડે છે. 'સૂરજમુખી'માં પૃથ્વી અને સૂરજનો પ્રેમઝંખનામાં અચાનક પૃથ્વીના પેટાળમાંથી ભાવભરતી ચઢે છે અને અંગેઅંગે સૂરજ—ઝાળથી ફુલ-પાંખડી પ્રગટી. ચિત્તશુધ્ધિથી હૃદયપુષ્પને ખીલવવાના ભાવૈક્યમાં એકરૂપ બનવા કવિ યોગ અને

ભક્તિને પ્રબોધે છે. 'સંજ્ઞા'માં જિંદગીની જિંદાદિલીનો સહેલાણી સ્વર પરમહંસના 'હંસગાન'માં વિરમે છે. કવિની હરિ સાથેની પાકી ગોઠડીએ કવિને પ્રેમવર્ષામાં ભીંજવી દીધા છે. કવિ બેહદની બારાખડી ઘૂંટતા શીખી ગયા છે. અનહદ આનંદના શબદફૂલ અર્ધે જાતા વેરાઈ જાય છે પણ કવિને એ પ્રાપ્ત થયાની પ્રતીતિ આપણને થાય છે. 'સંજ્ઞા' કવિની અધ્યાત્મ કેડીએ છેલ્લો વિસામો બની રહે છે. 'સંગતિ' અધ્યાત્મના ચરમબિંદુએ પહોંચ્યા પછીનો કાવ્ય-સંગ્રહ છે. પાને પાને ભીતરનો ભગવો લહેરાય છે, આનંદના શ્વેતફૂલ ઝરે છે. ક્ષણના દીવા પ્રગટે છે. સઘળું વ્હાલાને સોંપીને મુક્તિના માર્ગે સંગિની બનેલી કલ્યાણીની સંગતિમાં ચરણના એકતાલે ચાલી રહ્યાં છે. 'સંગતિ'ના અંતે 'મિતાઈ-ગીતિ'નાં કાવ્યોમાં પ્રેમની સાધનાના ભક્તિમાર્ગના સોપાનોનું વર્ણન છે. 'અમલપિયાલી'માં સંગૃહિત 'સંગતિ' પછીનાં કાવ્યોમાં યોગની જુદી જુદી અવસ્થાઓનું વર્ણન મળે છે. કાવ્યસ્વરૂપને લક્ષમાં રાખી જુદા જુદા સંગ્રહો પ્રગટ કરવાના હેતુથી પ્રથમ ગઝલસંગ્રહ 'હવાબારી' કવિ એમના મિત્રો ગાફિલ અને ઘાયલના સંગમાં રચે છે. જેમાં અનાદિની મથામણનું નશીલું નિવારણ કવિને મળે છે. એમની આ કાવ્યગોષ્ઠિ અધ્યાત્મવ્યક્તિત્વને પૂર્ણપણે પ્રગટાવે છે.

સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની સમગ્ર કવિતાના અધ્યાત્મલક્ષી પરિશીલનના અંતે તેમનાં આધ્યાત્મિક સંવેદનો અને અભિગમનો સંસ્પર્શ આપણને સાંપડે છે. આધ્યાત્મિકતા એ આ કવિઓની કવિતાનો પ્રધાન સૂર છે. તેમની સમગ્ર કવિતામાં અધ્યાત્મપરક કવિતાઓનું પ્રમાણ મોટું છે. અન્ય વિષયની કવિતાઓ ઉપર પણ કવિઓના આધ્યાત્મિક વ્યક્તિત્વનો સ્પર્શ જોઈ શકાય છે. શબ્દ અને બ્રહ્મની ઉપાસના કરતાં કરતાં શબ્દબ્રહ્મને તેઓ પામી રહે છે. સંવેદનો જેમ જેમ પ્રગાઢ બનતાં જાય છે તેમ તેમ કવિતા પ્રૌઢ અને પરિષ્કૃત બનતી જાય છે. ત્રણેય કવિઓ સાધક છે અને કવિતા જ એમની અધ્યાત્મ-સંવેદનાને પ્રગટાવવાનું અને વિકસાવવાનું માધ્યમ બને છે. અધ્યાત્મવિકાસની કેડી રચતી તેમની કવિતામાં સ્થૂળથી સૂક્ષ્મ તરફની ગતિનો આલેખ જોઈ શકાય છે. સુંદરમ્‌નો આધ્યાત્મિકતાનો વિકાસ સીડીના સોપાનની જેમ ક્રમિક થતો જણાય છે તો રાજેન્દ્રમાં બંધકમળની ઉઘડતી પાંખડીઓ જેવો જણાય છે. મકરંદની કવિતામાં અધ્યાત્મના તેજસ્ફુલિંગો અહીં તહીં પ્રગટી જઈને વીજળીની જેમ ઝબકારામાં કવિના વ્યક્તિત્વને પ્રગટ કરતા રહે છે. સુંદરમ્, રાજેન્દ્ર અને મકરંદ ઉપર ગાંધીજી, ટાગોર અને અરવિંદનો પ્રભાવ છે. સુંદરમ્ ઉપર ગાંધીજી અને અરવિંદનો પ્રત્યક્ષ પ્રભાવ જોઈ શકાય છે. પ્રકૃતિની રહસ્યમયતામાં ટાગોરનો પ્રભાવ ત્રણેય ઉપર છે. રાજેન્દ્ર ઉપર શ્રેયસ્સાધક અધિકારી વર્ગના શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્ય તથા યોગી ત્રિલોકચંદ્રસૂરિનો તથા સ્વામી સ્વયંજ્યોતિનો પ્રભાવ છે તો મકરંદ ઉપર રામકૃષ્ણ પરમહંસ અને અન્ય સંતો યોગીઓ અને ભજનિકો પ્રભાવ પાડે છે. અનેકની પ્રેરણા પ્રભાવ ઝીલતા આ કવિઓની શ્રદ્ધાભૂમિ તો આગવી જ છે. પ્રભુના સાકાર અને નિરાકાર રૂપો તેમનાં કાવ્યોમાં નિરૂપાતાં જોઈ શકાય છે પરંતુ કોઈ પણ સ્વરૂપ વૈયક્તિક નથી, વૈશ્વિક છે. અતિવ્યાપક અનંત બ્રહ્મને જ અંતે તો તેમની કવિતા અનુલક્ષે છે. આમ ત્રણેયની શ્રદ્ધાભૂમિ વેદોપનિષદ્‌કથિત બ્રહ્મનું સ્વરૂપ જ છે. સાથે સાથે તેમની કવિતામાં વિલક્ષણતાનાં દર્શન પણ થાય છે. પ્રણય, પ્રકૃતિ અને અધ્યાત્મ ત્રણેય વિષયોનું નિરૂપણ એમની કવિતામાં કરાયેલું છે. પ્રણયનો તંતુ સુંદરમ્ અને રાજેન્દ્રમાં પ્રભુ સાથે જોડાઈ જતો જણાય છે, તો મકરંદનો પ્રેમ તો માનવપ્રેમ કે ધરતીનો પ્રેમ કે પ્રભુપ્રેમને જ લક્ષે છે. પ્રકૃતિનું મંથન રહસ્યોદ્‌ઘાટન કરવા સમર્થ છે. સ્વતંત્ર

આધ્યાત્મિક અનુભૂતિ ધરાવતા આ કવિઓ જ્ઞાન-યોગ અને ભક્તિના માર્ગે અધ્યાત્મ-સાધના કરતા હોવાનું તેમની કવિતાઓમાં જોઈ શકાય છે. રહસ્યમયતા સુંદરમ્ અને રાજેન્દ્રની કવિતામાં પ્રકૃતિના સાંનિધ્યમાં વધારે પ્રગટે છે. મકરંદ તો કંઈ રહસ્યમય શોધમાં લાગેલા જ છે. આમ રહસ્યમાર્ગી વલણ, ભાવલોકમાં અવગાહન કરતા અતિન્દ્રિય અનુભવો પણ આ કવિઓની કવિતાની લાક્ષણિકતા બને છે. સુંદરમ્ , રાજેન્દ્ર અને મકરંદની કવિતામાં જીવન પ્રત્યેનો વિધેયાત્મક અભિગમ જોઈ શકાય છે. અશ્રદ્ધા અને વિસંવાદનાં ગીતો ગાવાને બદલે સંઘર્ષમાં ય સંવાદના સૂરો તથા નિરાશા અને વિદ્રોહના બદલે વિશ્વસોંદર્યના શુભ સંકલ્પો પ્રગટાવે છે. વિશ્વકલ્યાણ અને સર્વોદયની ભાવનાનો પુરસ્કાર એ સુંદરમ્‌ની કવિતાની લાક્ષણિકતા છે. રાજેન્દ્ર અંતર્મુખ કવિ છે છતાંય 'વિષાદને સાદ'માં વિશ્વને સંવાદ માટે એકબિંદુમાં કેન્દ્રસ્થ થવા સહુને સાદ કરે છે. મકરંદને તો વિશ્વમાંગલ્યનું ગાણું મુખે ગુંજતું રાખવું છે. સ્વરૂપ અને શૈલીનું વૈવિધ્ય રાજેન્દ્ર-સુંદરમ્‌માં જડે છે એવું મકરંદની કવિતામાં જોવા મળતું નથી. સંગીતમયતા ત્રણેયમાં ધ્યાનાકર્ષક તત્વ છે. સુંદરમ્‌ની પ્રાર્થનાઓ , રાજેન્દ્રનાં ગીતો અને મકરંદનાં ભજનો સંગીતમયતાના સંદર્ભમાં વિશેષ ધ્યાન ખેંચે છે. સુંદરમ્ -રાજેન્દ્ર શાસ્ત્રીય અને મકરંદ લોકપરંપરાને વિશેષ અનુસરે છે. આમ ત્રણેય કવિઓનું ગુજરાતી અધ્યાત્મકવિતાના ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ યોગદાન છે. સુંદરમ્‌નો પ્રગટ થનાર 'અનાગતા' કાવ્યસંગ્રહ અને રાજેન્દ્ર -મકરંદની ભવિષ્યમાં પ્રગટ થનાર કાવ્યકૃતિઓ તેમના અધ્યાત્મવિશેષના ભવિષ્યમાં નવા ઉન્મેષો પ્રગટાવી શકે.

ગુજરાતી અધ્યાત્મકવિતાની સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની અધ્યાત્મકવિતાના પરિપ્રેક્ષમાં અભ્યાસ કરતાં જણાય છે કે સમગ્ર ગુજરાતી અધ્યાત્મકવિતાની પરંપરામાં હજી કેટલાય કવિઓ છે જેમની વિશદતાથી અધ્યાત્મના સંદર્ભમાં અભ્યાસ થઈ શકે. સુંદરમ્ , રાજેન્દ્ર અને મકરંદની કવિતામાં નિરૂપાયેલા અન્ય વિષયો, સ્વરૂપો , શૈલી અને અધ્યાત્મના પ્રગટતા અનેક પરિમાણોને લઈને પણ સ્વતંત્ર અભ્યાસની ગુંજાયેશ છે. રાજેન્દ્રની કવિતાના રસપિ કવિ શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યની કવિતાના સંદર્ભમાં પણ વિશેષ તુલનાત્મક અભ્યાસની શક્યતાઓ પડેલી છે. ભારતીય શાસ્ત્રીય સંગીતના સંદર્ભમાં રાજેન્દ્રની કવિતાનો અભ્યાસ રસપ્રદ નવી ક્ષિતિજોનું ઉદ્‌ઘાટન કરી શેક તેમ છે. આધ્યાત્મિક અનુભૂતિને શબ્દોમાં ઢાળવાનું કામ અતિ કપરું છે. કદાચ એમ કહી શકીએ કે આ કવિઓની શબ્દાતીત અનુભૂતિ કાવ્યસ્વરૂપે આપણે પામવા મથીએ છીએ ત્યારે એની અભિવ્યક્તિ માટે પણ શબ્દો ઓછા પડે છે, સમય અને શક્તિઓ સીમિત જણાય છે. સુંદરમ્ ,રાજેન્દ્ર અને મકરંદ દવેનાં કેટલાંય કાવ્યો અધ્યાત્મની અનેક સીમાઓને સર કરે છે ત્યારે તેમાંથી કંઈ કેટલાંય અનેક રહસ્યોના ઉદ્‌ઘાટનની ક્ષિતિજો વિસ્તરેલી જ પડી છે. અધ્યાત્મનો અભ્યાસ તો બ્રહ્મની પ્રાપ્તિ જેવો જ છે. જેમ જેમ પામી શકાય તેમ તેમ તૃષા વધે. અનહદ અનંતની પ્રાપ્તિની સીમા કે અંત ક્યાં હોય છે ? સૃષ્ટિની ઉત્પત્તિથી માંડીને માનવી 'તમસો મા જ્યોતિર્ગમય'ની ચિરંતન તૃષા પ્રગટાવતો આવ્યો છે અને એના પરિતોષના અમૃત જલ એને આ મૃત્યુલોકમાં જ લાધ્યાં છે. આ ચિરતૃષાની ચિરશોધ સૃષ્ટિના ઉત્પત્તિ-લયના ક્રમ સાથે માનવ -હૃદયની ઝંખના બની જ્યાં સુધી પ્રગટ્યા કરશે ત્યાં સુધી આધ્યાત્મિક કવિતા પણ ચિરંજીવી રહેશે.

# સંદર્ભસૂચિ


| પુસ્તકનું નામ | પ્રકાશક |
|---|---|
| **શાસ્ત્રીય ગ્રંથો :** | |
| ૧. ઈશ ને કેન ઉપનિષદ્. | સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ. |
| ૨. ઉપનિષદો, ૧૯૯૪ | ,, |
| ૩. એકાદશ ઉપનિષદ, ૧૯૪૬ | ,, |
| ૪. ઐતરેય ઉપનિષદ્ | ,, |
| ૫. કઠોપનિષદ્, ૧૯૮૦, | ,, |
| ૬. છાંદોગ્ય ઉપનિષદ્, | ,, |
| ૭. તૈત્તિરીય ઉપનિષદ્ - ૧૯૭૮ અનુવાદક શ્રી. મહાશંકર જોષી. | ,, |
| ૮. પ્રશ્નોપનિષદ્, | ,, |
| ૯. બૃહદારણ્યક ઉપનિષદ્, | ,, |
| ૧૦. માંડૂક્ય ઉપનિષદ્ | ,, |
| ૧૧. મુંડકોપનિષદ્ | ,, |
| ૧૨. શ્રીમદ્ મુક્ત (મુક્તિ) શાસ્ત્ર, ૧૮૮૬, | દેસાઈ કાળીદાસ પંડિત, મુંબઈ. |
| ૧૩. શ્રી યોગ કૌસ્તુભ, ૧૯૩૩, પાંચમી આવૃત્તિ | આનંદાશ્રમ, બિલખા. |
| ૧૪. શ્રી વેદાંત માર્ગદર્શિની, સં. ૧૯૯૮, | વેદાંત ભવન, નડિયાદ. |
| ૧૫. શ્વેતાશ્વતર ઉપનિષદ્, ૧૯૮૧ અનુ. વાસુદેવ મહાશંકર જોષી | સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ. |
| ૧૬. સ્વાધ્યાયસુધા, ૧૯૮૪, સંપા. બ્રહ્મલીન સ્વામી શ્રી આત્માનંદ ગિરિ, | ,, |
| ૧૭. જ્ઞાનેશ્વરી ભગવદ્ ગીતા, ૧૯૭૧, | ,, |

## ગુજરાતી પુસ્તકો

| પુસ્તકનું નામ | પ્રકાશક |
|---|---|
| ૧૮. અવલોકના, ૧૯૬૫<br>સુંદરમ્, | આર.આર. શેઠ, મુંબઈ -૨ , અમદાવાદ-૧. |
| ૧૯. અર્વાચીન કવિતા, ૧૯૪૬,<br>સુંદરમ્ | ગુજરાત વિદ્યાભવન , અમદાવાદ. |
| ૨૦. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો પરિચય,<br>ભરત ઠાકર | નવદીપ પ્રકાશન , અમદાવાદ. |
| ૨૧. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા ભાગ-૧, ૧૯૮૧<br>ધીરુભાઈ ઠાકર ,<br>નવમી આવૃત્તિ | ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧. |
| ૨૨. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, ભાગ-૨, ૧૯૮૨<br>ધીરુભાઈ ઠાકર<br>નવમી આવૃત્તિ | ,, |
| ૨૩. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં પ્રણય નિરુપણ, ૧૯૮૩<br>ડૉ.તરુલતા ડી. મહેતા | દીપક બી. મહેતા, ચંદ્રલોક સોસાયટી, પેટલાદ રોડ , નડિયાદ. |
| ૨૪. આધુનિક ગુજરાતના સંતો, ૧૯૬૫,<br>ઠક્કર કેશવલાલ | પ્રાચ્યવિદ્યામંદિર , વડોદરા . |
| ૨૫. કવિતાનો આનંદકોશ, ૧૯૭૦,<br>યશવંત ત્રિવેદી, | નવભારત સાહિત્યમંદિર, મુંબઈ-૨, અમદાવાદ-૧ . |
| ૨૬. ગર્ભદીપ,<br>મકરંદ દવે | ,, |
| ૨૭. ગીતાનિષ્કર્ષ, સં.૧૯૭૮<br>અરવિંદ ઘોષ | પ્રવર્તક પબ્લિશિંગ હાઉસ, નવસારી. |
| ૨૮. ગીતાબોધ, ૧૯૩૦<br>મોહનદાસ ગાંધી, | નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ-૧૪. |
| ૨૯. ગીતામંથન, ૧૯૪૮<br>કિશોરલાલ મશરુવાળા | ,, |

| પુસ્તકનું નામ | પ્રકાશક |
|---|---|
| ૩૦. શોક તત્વચિંતન, ૧૯૭૩ ઉમેશકુમાર યાજ્ઞિક | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૬. |
| ૩૧. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ગ્રંથ -૧, સંપા. ઉમાશંકર જોષી | ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ. |
| ૩૨. ગુજરાતી સાહિત્યની રૂપરેખા, ૧૯૪૯. વિજયરાય વૈદ્ય દ્વિતીય આવૃત્તિ | એન.એમ.ત્રિપાઠી લિ. મુંબઈ. |
| ૩૩. ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન, ૧૯૫૩, મનસુખલાલ ઝવેરી, રમણલાલ શાહ | વોરા એન્ડ કું. મુંબઈ . |
| ૩૪. ચિદમ્બરા, ૧૯૬૮, સુંદરમ્ | આર.આર. શેઠ. મુંબઈ- ૨ , અમદાવાદ-૧. |
| ૩૫. ચિદાનંદા, મકરંદ દવે | નવભારત સાહિત્યમંદિર, મુંબઈ-૨, અમદાવાદ-૧. |
| ૩૬. તપોવન, ૧૯૬૯, સંપા. સુરેશ દલાલ | સોમૈયા પબ્લિકેશન્સ પ્રા.લી. મુંબઈ-૧. |
| ૩૭. ધર્મ-જીવન જીવવાની કળા, ૧૯૯૨, સત્યનારાયણજી ગોયન્કા | વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરી. |
| ૩૮. નામ સાધન, ૧૯૮૫, અનુ. મકરંદ દવે , બીજી આવૃત્તિ | વોરા એન્ડ કં. પબ્લિશર્સ પ્રા.લિ. મુંબઈ-૨. |
| ૩૯. પીડપરાઈ, મકરંદ દવે, | નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ-૧. |
| ૪૦. પૂર્ણયોગ, ખંડ-૧, કર્મયોગ, ૧૯૨૨, ખંડ-૨, જ્ઞાનયોગ, ૧૯૨૩, ખંડ-૩, ભક્તિયોગ, ૧૯૨૪, ખંડ-૪, આત્મસિદ્ધિયોગ, ૧૯૨૬ ખંડ-૫, વિજ્ઞાનયોગ, ૧૯૩૪, અરવિંદ ઘોષ, અનુ. અંબાલાલ પુરાણી | શ્રી અરવિંદ કાર્યાલય, આણંદ. |
| ૪૧. પ્રારંભ, ૧૯૮૬, એમ.પી. પંડિત, | શ્રી અરવિંદ સોસાયટી, વડોદરા. |

| પુસ્તકનું નામ | પ્રકાશક |
|---|---|
| ૪૨. પ્રારંભિક તત્વચિંતન, ૧૯૭૧, ઉમેશકુમાર યાજ્ઞિક | અનડા પ્રકાશન, અમદાવાદ-૧. |
| ૪૩. પ્રેમલક્ષણાભક્તિ, ૧૯૬૩. મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ | સર્વમંગલમ પરિવાર આશ્રમ, પાટણ. |
| ૪૪. બૃહદ ગુજરાતી કોષ ખંડ-૧, ૧૯૭૬, સંપા. કે.કા. શાસ્ત્રી. | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ. |
| ૪૫. બ્રહ્મવીણા, ૧૯૮૬, મકરંદ દવે. | નવભારત સાહિત્યમંદિર, અમદાવાદ. |
| ૪૬. ભગવત્ ગોમંડળ, ભાગ-૧, ૧૯૪૪, ભગવતસિંહજી | ભગવતસિંહજી, ગોંડલ |
| ૪૭. ભાગવતી સાધના, ૧૯૮૨, મકરંદ દવે. | વોરા એન્ડ કં. મુંબઈ-૨. |
| ૪૮. ભારતીય દર્શનો, ૧૯૭૯, સ્વામી સચ્ચિદાનંદજી. | બ્રહ્મસત્ર પ્રબંધક સમિતિ, સર્વોદય આશ્રમ, વાલમ. |
| ૪૯. મધ્યકાળના સાહિત્ય પ્રકારો, ૧૯૫૮, ચંદ્રકાંત એમ. મહેતા | એન.એમ. ત્રિપાઠી લી. મુંબઈ. |
| ૫૦. મધ્યકાલીન ગુજરાતી ભક્તિ-કવિતા, ૧૯૮૧, જગદીશ શાહ | જગદીશ શાહ, સુરત. |
| ૫૧. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો પરિચય, ૧૯૮૧-૮૨, આર. યુ. જાની, પ્રથમ આવૃત્તિ | નવદીપ પ્રકાશન, અમદાવાદ. |
| ૫૨. મહર્ષિ અરવિંદ રચિત મહાકાવ્ય સાવિત્રી ઉપરના સંક્ષિપ્ત રેડિયો રૂપકો, ૧૯૮૦, ચંદ્રવદન મહેતા | શ્રી અરવિંદ સોસાયટી, વડોદરા. |
| ૫૩. મહાયોગી શ્રી અરવિંદ, ૧૯૫૦, સુંદરમ્. પ્રથમ આવૃત્તિ | અરવિંદ કાર્યાલય, આણંદ. |
| ૫૪. યુગાવતાર શ્રી અરવિંદ, ૧૯૬૨, જ્યોતિબેન થાનકી | ગુજરાત પુસ્તકાલય સ.સ.મંડળ લિ. વડોદરા. |
| ૫૫. યોગપથ, ૧૯૭૮, મકરંદ દવે, | નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ. |

| પુસ્તકનું નામ | પ્રકાશક |
|---|---|
| ૫૬. યોગ-પરિચય, ૧૯૮૪, અનુ. હરિપ્રસાદ છાયા | થિયોસોફીકલ સોસાયટી, ટાન્ઝાનિયા. |
| ૫૭. યોગાસન અને આરોગ્ય, ૧૯૬૪, આચાર્ય વિષ્ણુપ્રસાદ | યોગસાધન આશ્રમ, અમદાવાદ. |
| ૫૮. યોગી હરનાથના સાન્નિધ્યમાં, મકરંદ દવે | નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ. |
| ૫૯. રામનામ તારકમંત્ર, ૧૯૮૩, મકરંદ દવે | " |
| ૬૦. વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઈતિહાસ, ૧૯૩૯, દુર્ગાશંકર કે. શાસ્ત્રી | ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ. |
| ૬૧. શબ્દયોગ, ૧૯૮૪, સંપા. મફત ઓઝા, સુધા પંડયા | શ્રી સુંદરમ્ અમૃત મહોત્સવ સમિતિ, વડોદરા. |
| ૬૨. શૈવધર્મનો સંક્ષિપ્ત ઈતિહાસ, ૧૯૩૬, દુર્ગાશંકર કે. શાસ્ત્રી | ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ. |
| ૬૩. શ્રી અરવિંદની દૃષ્ટિએ ગીતાનો દિવ્ય સંદેશ | |
| ૬૪. શ્રી. અરવિંદાયન, ૧૯૭૧, પંડિત રાવ રાવલ | રામભાઈ અમીન, ગુલબાઈ ટેકરા, અમદાવાદ. |
| ૬૫. શ્રી શ્રેયસાધક અધિકારી વર્ગ, ડૉ. લવકુમાર મ. દેસાઈ, ૧૯૯૨. | મ. સ. યુનિવર્સિટી, વડોદરા. |
| ૬૬. ષડ્દર્શન, પ્રથમ ખંડ, ૧૯૭૩, નગીન જી. શાહ | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ. |
| ૬૭. સત કેરી વાણી, ૧૯૭૦, મકરંદ દવે | નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ. |
| ૬૮. સમર્પણા, ૧૯૭૮, સુંદરમ્ | વોરા પ્રકાશન, અમદાવાદ-૧. |
| ૬૯. સાવિત્રી, ૧૯૭૩, અરવિંદ ઘોષ, અનુ. પુજાલાલ | અરવિંદઆશ્રમ, પોંડિચેરી. |
| ૭૦. સહજને કિનારે, ૧૯૮૦, મકરંદ દવે | નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ. |

| પુસ્તકનું નામ | પ્રકાશક |
| --- | --- |
| ૭૧. સહજાનંદ સ્વામી અથવા સ્વામીનારાયણ સંપ્રદાય, ૧૯૪૦, કિશોરલાલ મશરુવાળા | નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. |
| ૭૨. સા વિદ્યા, ૧૯૭૮, સુંદરમ્ | વોરા એન્ડ કં. અમદાવાદ-૧ . |
| ૭૩. સાહિત્યચિંતન, ૧૯૭૮, સુંદરમ્ | ,, |
| ૭૪. સુરેશ વિશેષ, ૧૯૯૨, સુરેશ દલાલ | ,, |
| ૭૫. સંસ્કૃત સાહિત્યનો આલોચનાત્મક અભ્યાસ ભાગ-૧ , ૧૯૬૫ ભાગ-૨, ૧૯૬૭ ડૉ. રમેશ બેટાઈ | સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ. |
| ૭૬. સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ, ૧૯૭૮, બીજી આવૃત્તિ મોહનલાલ પો. દવે. | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ. |
| ૭૭. સુંદરમ્ એટલે સુંદરમ, સંપા. રામજીભાઈ કડિયા, | માંગલ્ય પ્રકાશન, પોંડિચેરી. |
| ૭૮. સૌંદર્યદર્શી કવિઓ, ૧૯૮૪, દક્ષા વ્યાસ, પ્રથમ આવૃત્તિ | દક્ષા વ્યાસ, વ્યારા. |
| ૭૯. સ્વામી અને સાંઈ, ૧૯૯૩, સંપા. હિમાંશી શેલત, | નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ. |

## અંગ્રેજી સંદર્ભો

| | |
| --- | --- |
| ૮૦. ભગવદ્ ગીતા, (અનુવાદ)૧૯૨૬ એની બેસન્ટ, | ભગવાનદાસ |
| ૮૧. ઈવોલ્યુશન, ૧૯૫૦, અરવિંદ ઘોષ, પાંચમી આવૃત્તિ | |
| ૮૨. હિસ્ટ્રી ઓફ ઈન્ડિયન ફિલોસોફી, ૧૯૨૨, દાસ ગુપ્તા | |

| પુસ્તકનું નામ | પ્રકાશક |
| --- | --- |
| ૮૩. ઈન્ડિયન ફિલોસોફી, ૧૯૨૩, સર્વપલ્લી રાધાકૃષ્ણન | |
| ૮૪. મીસ અન્ડરસ્ટેન્ડિંગ શ્રી અરવિંદો ૨૭/૯/૧૯૮૦ અરવિંદ બાસુનું વ્યાખ્યાન. | શ્રી અરવિંદો સોસાયટી, વડોદરા. |
| ૮૫. ધ હિન્દુ વ્યુઝ ઓફ લાઈફ, ૧૯૨૮, સર્વપલ્લી રાધાકૃષ્ણન | |
| ૮૬. ધ ફિલોસોફી ઓફ અરવિંદો, એસ.કે. મિત્રા, બીજી આવૃત્તિ | શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી. |
| ૮૭. ધ પ્રિન્સિપલ ઓફ ધ ઈન્ટીગ્રલ યોગા, ૨૮/૭/૧૯૮૦ અરવિંદ બાસુનું વ્યાખ્યાન | અરવિંદ આશ્રમ, વડોદરા. |

## અભ્યાસલેખો

| | |
| --- | --- |
| ૮૮. કવિતા અને અધ્યાત્મદર્શન, દિલાવરસિંહજી જાડેજા, ૨૮/ ૨૯ ડિસેમ્બર ૧૯૯૧ | ગુજરાતી સાહિત્ય પરિષદ, ૩૬મું અધિવેશન, કોઈમ્બતુર. |
| ૮૯. ગુજરાતી આધ્યાત્મિક કવિતા, રમણલાલ જોષી, પરબ અંક-૬, જૂન- ૧૯૯૪. | ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ. |
| ૯૦. પ્રવચન અંશ, રાજેન્દ્ર શાહ પરબ અંક-૧, જાન્યુઆરી-૧૯૯૪ | ગુજરાતી સાહિત્ય પરિષદ, ૩૭મું અધિવેશન, કલકત્તા. |
| ૯૧. પરમરસના ઉપાસક કવિશ્રી સુંદરમ્નું નવપ્રયાણ, પ્રમોદકુમાર પટેલ, ફાર્બસ ગુજરાતી સભા, ત્રિમાસિક અંક-૧, જાન્યુ. માર્ચ- ૧૯૯૧. | ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ. |
| ૯૨. શ્રી અરવિંદ જીવનસૌરભ ભાગ-૧ જ્યોતિબેન થાનકી, જનકલ્યાણ, ઓગષ્ટ-૧૯૯૩. | પુનિત સેવા ટ્રસ્ટ, અમદાવાદ. |
| ૯૩. શ્રી અરવિંદ જીવનસૌરભ ભાગ-૨ જ્યોતિબેન થાનકી, જનકલ્યાણ, ફેબ્રુઆરી- ૧૯૯૪. | |